તાત્કાલીક/અગત્યનું

જા.નં. મા-૨/૨૦૨૧ ૨૯૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૮/૦૧/૨૦૨૧

જાણ તથા અમલ થવા સારું.

આ સાથે સામેલ પત્ર અન્વયે તમામ પ્રિ-સ્કુલ, પ્રાથમિક,માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાઓએ અચુક ઉભી કરાવી અત્રેના ફાયર વિભાગનો અભિપ્રાય મેળવી લેવા તાકીદે કાર્યવાહી કરવાની રહેશે.

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ રજીસ્ટર માધ્યમિક અને ઉ.મા શાળાઓ

સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તરફ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

ઈ.ચા.ચીફ ફાયર ઓફિસર
સુરત મહાનગરપાલિકા

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસસ
સુરત મહાનગરપાલિકા સેવા સદન
મુગલીસરા, સુરત.
સુરત–૩૯૫૦૦૩
Ph. No. (O)2423751-56 Ext-229
(M) : 97243 45553
Fax : (0261) 2451935

**ખુબજ અગત્યનું /તાકીદનું**

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,સુરત,
જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી,
૩જો માળ, જિલ્લા સેવા સદન–૨,
અઠવાલાઈન્સ, સુરત

વિષય :– નામ. કોર્ટનાં આદેશ અન્વયે આપના તાબા હસ્તકની જે કોઈ પણ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં C.G.D.C.R.-2017 અને ગુજરાત ફાયર પ્રિવેન્સન એન્ડ લાઈફ સેફટી રેગ્યુલેશન –૨૦૧૬ તેમજ N.B.C. - PART - IV માં દર્શાવ્યા મુજબ ફાયર સેફટી સુવિધા કરાવી તેની જાણ અત્રે અચુક કરવા કાર્યવાહી થવા બાબત.

મહાશય,

સવિનય ઉપરોકત વિષય અન્વયે આદેશાનુસાર જણાવવાનુ કે, શ્રી અમીત મણીલાલ પંચાલએ રાજય સરકાર અને અન્ય સંસ્થાઓ (મહાનગરપાલિકા વિગેરેને ) પક્ષકાર બનાવી આર/ રીટ પીટીશન (પીઆઈએલ) નં.૧૧૮/૨૦૨૦ દાખલ કરેલ હોય જે અન્વયે નામ. કોર્ટ ધ્વારા અને નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા પણ આ બાબતે વાંરવાર ઉકત સંસ્થાઓમાં ફાયર સેફટીની સુવિધા ઉભી કરાવી લેવા કાર્યવાહી કરાવવા તાકીદ કરવામાં આવેલ.

વધુમાં ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ, નોટીફીકેશન નં.GH/V/૨૬૯ ઓફ૨૦૧૭/EDP-102016-3629 તા.૧૨/૧૦/૧૭ મંજુર કરવામાં આવેલ છે.Comprehensive General Development Control Regulations -2017 (CGDCR-2017) /નાં રેગ્યુલેશનનો સમગ્ર ગુજરાતમાં લાગુ પડેલ અને સદર રેગ્યુલેશન અર્તગત પણ સરકારી તેમજ ખાનગી સ્કુલોમાં જાહેર સલામતી અર્થે ફાયર સેફટી સીસ્ટમ કરાવવી ફરજીયાત હોય જેથી C.G.D.C.R.-2017 અને ગુજરાત ફાયર પ્રિવેન્સન એન્ડ લાઈફ સેફટી રેગ્યુલેશન –૨૦૧૬ તેમજ N.B.C. - PART - IV માં દર્શાવ્યા મુજબ ફાયર સેફટી સુવિધા આપના તાબા હસ્કતની સરકારી તેમજ ખાનગી એવી તમામ પ્રિ–સ્કુલ, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક સ્કુલોમાં અચુક ઉભી કરાવી અત્રેનાં ફાયર વિભાગનો અભિપ્રાય મેળવી લેવા તાકીદે કાર્યવાહી કરાવવા નમ્ર વિનંતી છે.

નં.એફ.ઈ.એસ/આઉટવર્ડ /૧૯૦૯
તા.૦૪/ ૦૧ /૨૦૨૧

ઈ/ચા ચીફ ફાયર ઓફીસર
સુરત મહાનગરપાલિકા

ન.સા.ર. મે. કમિશ્નરશ્રીનાં અંગત મદદનીશશ્રી પ્રતિ જાણ માટે રજુ
ન.સા.ર. મે. ડે.કમિશ્નરશ્રી (ડી.) પ્રતિ ... જાણ માટે રજુ
ન.સા.ર. મા. શિક્ષણ સચિવશ્રી,ગુજરાત સેકન્ડરી અને હાયર સેકેન્ડરી એજયુકેશન બોર્ડ, સેકટર –૧૦, ગાંધીનગર –૩૮૨ ૯૧૦.
ન.સા.ર. મા. અધ્યક્ષશ્રી માધ્યમિક અને ઉત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર –૧૦, ગાંધીનગર –૩૮૨ ૯૧૦.
ન.સા.ર. મા. પ્રાથમિક જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, પ્રાથમિક જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, તાલુકા પંચાયત, મુગલીસરા,સુરત